સીવીલ પર.અરજ નં. ૧૫/૨૦૨૫ ના કામે આંક–૧ ની અરજી નીચે હુકમ.

(૧) આ કામના અરજદાર/વાદીએ સામાવાળા/પ્રતિવાદીઓ વિરૂધ્ધ હાલની આ અરજી દાવો ફરી ફાઈલે લેવડાવવા માટે થયેલ વિલંબ સમયમર્યાદા અધિનિયમની કલમ–૫ મુજબ માફ કરવા માટે કરેલ છે. સદર અરજી લગત સાંભળવા આ કામના સામાવાળાઓને નોટિસ કરતાં, સામાવાળાઓ પૈકી નં.૨,૩,૪ નાઓએ તેઓના વિ.વકીલશ્રી સી.જી.શર્મા તથા આઈ.એ.પઠાણ મારફતે હાજર થઈ સામાવાળા નં.૨,૩ નાએ સદર અરજીનો આંક–૧૪ થી લેખિત વાંધા/જવાબ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર એટલે કે મુળ વાદીએ સામાવાળા એટલે કે મુળ પ્રતિવાદીઓ વિરૂધ્ધ મોજે ગામ માતર તાલુકાના હરિયાળા ગામની સીમના ખાતા નં.૮૭૩ જેના બ્લોક/સર્વે નં.૩૭૦ વાળી જુની શરતની ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦–૪૫–૫૩ જેના આકાર રૂા.૩.૧૯ પૈસાવાળી જમીન જે સામાવાળા નં.૧ નાઓની માલિકી કબજા ભોગવટાની આવેલ જે અરજદારે એક વીઘાના રૂા.૧૭,૦૦,૦૦૦/– લેખે કુલ કીંમત રૂા.૨૫,૫૦,૦૦૦/– પુરામાં વેચાણ લેવાનુ નકકી કરી તેના વેચાણ અવેજ પેટે બાનામાં રૂા.૧,૦૦,૦૦૦/–પુરા તા.૧૮.૦૭.૨૦૧૨ ના રોજ વસુલ આપતાં સામાવાળાએ તે બદલ બાનાચિઠ્ઠી લખી આપેલ અને સદર બાનાચિઠ્ઠીની શરત મુજબ સામાવાળા લખી આપનારે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ લાવી આપેથી દાવાવાળી જમીનનો બાકી નીકળતો વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ કરવાનો હતો પરંતુ ત્યારબાદ સામાવાળા નં.૧ નાએ વેચાણ દસ્તાવેજ નહી કરી આપી ઉલટાનું સામાવાળા નં.૨ થી ૪ સાથે મેળાપીપણું કરી ફ્રોડ તથા કોલ્યુઝનમાં દાવાવળી જમીનનો સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નં.૫૩૯/૨૦૧૩ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ

કરી દીધેલ હોય જેથી સદર વેચાણ દસ્તાવેજ વાદીને બંધનકર્તા નથી તેવું ઠરાવી બાનાચિઠ્ઠીનું સ્પેસીફીક પર્ફોમન્સ મેળવવા વિકલ્પે રૂા.૨૫,૫૦,૦૦૦/–પુરા નુકસાની વળતર પેટે વસુલ મેળવવા અંગેની દાદ માંગતો નામદાર મહે.પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી, નડીઆદનાઓની કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૧૧૨/૨૦૧૪ થી દાવો કરેલ. ત્યારબાદ સદર દાવો નડીઆદથી અત્રેની ખેડા કોર્ટ ખાતે ટ્રાન્સફર થઈ આવતાં તે સ્પે.દિ.મુ.નં.૧૦૧/૨૦૧૭ થી અત્રેની કોર્ટના રજીસ્ટરે લેવામાં આવેલ. સદર દાવાના કામે આંક–૨૫ થી તા.૧૨.૦૬.૨૦૧૭ ના રોજ મુદ્દા મુકરર કરવામાં આવેલ અને ત્યારબાદ વાદીએ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર રહી તા.૦૩.૦૪.૨૦૧૮ ના રોજ આંક–૪૧ થી સોગંદઉપરની લેખિત સરતપાસની જુબાની રજુ કરતાં સદર કામ પ્રતિવાદી તરફેની ઉલટ તપાસ માટે મુલતવી રાખવામાં આવેલ. આ કામે પ્રતિવાદી તરફેની ઉલટ તપાસ સારૂ વાદીને હાજર રહેવા અનેક તકો આપવા છતાં વાદી હાજર ન રહેતાં અને વાદી વકીલશ્રીને માંગ્યા મુજબની અનેક તારીખો આપવા છતાં છેલ્લે તા.૧૪.૧૦. ૨૦૨૩ ના રોજ વાદી વકીલશ્રીએ હાજર રહી તા.૦૫.૧૨.૨૦૨૩ ના રોજની મુદત મેળવ્યા બાદ કોઈ હાજર ન રહેતાં તે દિવસે પણ ન્યાયના હિતમાં તારીખ આપી છેલ્લે તા.૨૪.૦૧.૨૦૨૪ ના રોજની તારીખ નીમવામાં આવેલ તે દિવસે વાદી તરફે કોઈ હાજર ન રહેતાં વાદીની ગેરહાજરીની કસૂર બદલ વાદીનો દાવો ડિસમીસ કરવામાં આવેલ છે. આ કામે વાદીની રજુઆત મુજબ સદર દાવાના કામે વાદીએ પુરાવાની એફીડેવીટ રજુ રાખ્યા બાદ તા.૦૪.૧૦.૨૦૨૩ રોજ સદર કામ ઉલટ તપાસ માટે રાખવામાં આવેલ પરંતુ તે દિવસે વાદી અંગત કામે બહાર ગામ ગયેલ હોવાથી નામદાર કોર્ટમાં હાજર રહી શકેલ નહી અને ત્યારબાદ તા.૦૫.૧૨. ૨૦૨૩ ના સદર કામ ઉલટ તપાસ માટે રાખેલ પરંતુ તેવા દિવસે વાદી શારીરિક રીતે સ્વસ્થ ન

હોવાથી નામદાર કોર્ટમાં હાજર રહી શકેલ નહી તેમજ વકીલશ્રી પણ હાજર રહી શકેલ ન હોવાથી નામદાર કોર્ટ ધ્વારા વાદીનો દાવો તા.૦૫.૧૨.૨૦૨૩ ના રોજ ડિસમીસ કરેલ છે. વધુમાં જણાવે છે કે, સદર દાવો ડિસમીસ થયાની જાણ તેઓના વકીલશ્રીએ ફોનથી કરેલ અને સદર દાવાની સર્ટીફાઇડ નકલો મેળવી સદર દાવો ફરી ફાઈલે લેવા સમજ કરેલ અને તે વખતે વાદી તેઓના વકીલશ્રી પાસે સદર દાવાના કામના કાગળો લેવા ગયેલ અને તે મેળવી પરત લાવ્યા બાદ સદર કાગળોની ફાઈલ અરજદાર પાસેથી ગુમ થઈ જતાં સદર ફાઈલ શોધવા છતાં ન મળતાં ફરી સદરહું પેપર્સ કઢાવી હાલની આ ફરી ફાઈલે લેવાની અરજી કરવામાં આશરે માસ–૧૯ નું ડીલે થયેલ છે તે માફ કરવા હાલની આ અરજીમાં માંગણી કરેલ છે.

(૩)　　અરજદારની અરજીની સામાવાળાઓને નોટિસ બજતાં આ કામના સામાવાળા નં.૨,૩ નાઓએ તેઓના વિ.વકીલશ્રી સી.જી.શર્મા મારફતે હાજર રહી આંક–૧૪ થી સદર અરજી સામે વાંધા રજુ કરી તેમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, અરજદારની અરજીની હકીકત મુજબ તેમનો દાવો તા.૦૫.૧૨.૨૦૨૩ ના રોજ ડિસમીસ કરેલ છે. આ કામે વાદીએ પુરાવાની એફીડેવીટ સને ૨૦૧૮ માં આપેલ ત્યારથી દાવો ડિસમીસ કરવામાં આવેલ ત્યાં સુધી કુલ ૫૫ મુદતો નામદાર કોર્ટમાં ભરવા છતાં વાદી ઈરાદાપૂર્વક ઉલટ તપાસ સારૂ હાજર નહી રહી, ગેરહાજર રહેલ છે. વધુમાં જણાવે છે કે, સદર દાવો કાઢી નાંખ્યા બાદ આશરે ૧૯ માસના વિલંબ પછી હાલની આ અરજી કરેલ છે તે અરજી કરવામાં ગ્રોસ વિલંબ થયેલ છે. અરજીમાં અરજદાર/વાદીએ દાવાના કામે ગેરહાજર રહેવા બાબતે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ જણાવેલ નથી કે કોઈ ઉચિત ખુલાસો કરેલ નથી. જેથી અરજી નામંજૂર કરવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે અરજદારની સદરહુ અરજીની બજવણી થતાં સામાવાળા નં.૪ ના તેમના વિ.વકીલશ્રી આઈ.એ.પઠાણ મારફતે હાજર રહેલ છે, જેઓએ કોઈ લેખિતમાં જવાબ આપેલ નથી પરંતુ તેઓની દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/વાદીને પુરાવો આપવા સારૂ અનેક તકો અને પુરતો સમય આપવા છતાં હાજર રહેલ નથી. તેમજ અરજીમાં વિલંબ થવા બદલ કોઈજ ઉચિત કારણ જણાવેલ ન હોય અરજી ખર્ચસહ નામંજૂર કરવા માંગણી કરેલ છે.

(૫) હવે આ કામે અરજદારની અરજીની હકીકતો, રજુ રેકર્ડ તથા સામાવાળા તરફેના વાંધા ધ્યાને લેવામાં આવે તો, આ કામે અરજદાર તરફે હાલની આ અરજી નામદાર કોર્ટ ધ્વારા અરજદાર/વાદીનો રે.દિ.મુ. નં.૧૦૧/૨૦૧૭ થી દાખલ કરેલ દાવો પુરાવાના તબકકે વાદી કે તેમના વિ.વકીલશ્રી હાજર ન રહેતાં તા.૨૪.૦૧.૨૦૨૪ ના રોજ વાદીની ગેરહાજરીની કસૂર બદલ સી.પી.સી.ઓર્ડર–૧૭, રૂલ–૨ ની જોગવાઈ મુજબ ડિસમીસ કરવામાં આવેલ તે દાવો રિસ્ટોર કરાવવા અરજી કરવામાં થયેલ વિલંબ માફ કરવા હાલની આ અરજી કરેલ છે. અરજીની હકીકતો ધ્યાને લેતાં અરજદારના જણાવ્યા મુજબ અરજદારનો દાવો ડિસમિસ કરતો હુકમ તા.૦૫.૧૨.૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ અને તે હુકમની જાણ અરજદાર/ વાદીને તેમના વકીલશ્રી મારફતે ફોનથી કરવામાં આવેલ પરંતુ આ કામે રેકર્ડ જોતાં તા.૦૫.૧૨.૨૦૨૩ ના રોજની તારીખ વાદી વકીલશ્રીએ મેળવ્યા બાદ કોઈ હાજર ન રહેતાં ત્યારબાદ પણ ન્યાયના હિતમાં તા.૨૪.૦૧.૨૦૨૪ ના રોજની તારીખ આપેલ તે દિવસે પણ અરજદાર/વાદી હાજર ન રહેતાં નાછુટકે અને ના ઈલાજે અરજદાર/વાદીનો દાવો વાદીની ગેરહાજરીની કસૂર બદલ ડિસમીસ કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર/વાદી ધ્વારા દાવો રિસ્ટોર કરાવવાની અરજી કરવામાં થયેલ માસ–૧૯ નો વિલંબ માફ કરવા હાલની આ અરજી

કરેલ છે. આ કામે અરજદારની અરજીની હકીકતો મુજબ અરજી ફાઈલે કરવાની કાયદાકીય જોગવાઈ દિન–૩૦ છે અને આવો સમય જે દિવસે હુકમ થાય ત્યારથી શરૂ થાય છે અને તે રીતે દિન–૩૦ ની ગણતરી કરતાં તા.૨૪.૦૧.૨૦૨૪ થી શરૂ થાય તે તા.૨૩.૦૨.૨૦૨૪ ના રોજ સમય પૂર્ણ થાય છે. આ કામે અરજદારના જણાવ્યા મુજબ દાવાના કામે ઉલટ તપાસ સારૂ તા.૦૪.૧૦.૨૦૨૩ ના રોજની મુદત રાખવામા આવેલ પરંતુ તે દિવસે તેઓ અંગત કામે બહાર ગામ ગયેલ હોવાથી નામદાર કોર્ટમાં મુદતે હાજર રહી શકેલ નહી અને ત્યારબાદ નામદાર કોર્ટ ધ્વારા તા.૦૫.૧૨.૨૦૨૩ ના રોજ મજકુર દાવાના કામે મુદત રાખેલ પરંતુ તે દિવસે તેઓ શારીરિક રીતે સ્વસ્થ ન હોવાથી નામદાર કોર્ટમાં હાજર રહી શકેલ નહી. જેથી, તેઓની ગેરહાજરી બદલ નામદાર કોર્ટ ધ્વારા અરજદાર/વાદીનો દાવો તા.૦૫.૧૨.૨૦૨૩ ના રોજ ડિસમીસ કરેલ પરંતુ સમગ્ર રેકર્ડ જોતાં અરજદાર/વાદીનો દાવો તા.૦૫.૧૨.૨૦૨૩ ના રોજ ડિસમીસ કરવામાં આવેલ નથી અને ત્યારબાદ આશરે સવા માસ પછી તા.૨૪.૦૧.૨૦૨૪ ના રોજ દાવો ડિસમીસ કરેલ છે તે હકીકતે વાદીએ સદર વિલંબ થવા બદલ જે કારણો જણાવી રહેલ છે તે કોઈ પણ રીતે માનવા પાત્ર જણાઈ આવતાં નથી. વધુમાં અરજદાર ધ્વારા હાલની અરજી જે વકીલશ્રી મારફતે કરેલ તેજ વકીલશ્રી દાવાના કામે પણ રોકાયેલ હતા અને તેઓ દાવાની તમામ હકીકતોથી માહિતગાર હતા તેમછતાં દાવો રિસ્ટોર કરવાની અરજી કરવામાં વિલંબ કરવામાં આવેલ જે કયા કારણોસર વિલંબ થયેલ તે બદલ કોઈજ ઉચિત કારણ અરજીમાં જણાવેલ નથી અને આશરે ૧૯ માસ એટલે કે આશરે ૫૭૦ દિવસ જેટલો વિલંબ થયેલ છે તે માફ કરવા કોઈ વ્યાજબી કારણ અરજીમાં જણાતુ નથી. આ તબકકે વિલંબ માફ કરવાના જે કારણો છે તે જોવામાં આવે તો કુદરતી આફત જેમ કે પુર, વાવાઝોડુ કે ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીમાં સપડાયેલ

હોય જેનાથી પથારી ગ્રસ્ત હોય અથવા તો આઉટ ઓફ સ્ટેશન હોય કે જેના કારણે રૂબરૂ હાજર રહી નામદાર કોર્ટમાં ફરિયાદ/અરજી દાખલ કરી શકયા નથી. આ કામે અરજદાર તરફે સદર દાવો રિસ્ટોર કરવાની અરજી કરવામાં વિલંબ થયેલ છે તે વિલંબ સંબંધે જે કારણ દર્શાવેલ છે તે ધ્યાને લેતાં પણ તા.૦૪.૧૦.૨૦23 ના રોજ અંગત કામે બહાર ગામ ગયેલ અને ત્યારબાદની તા.૦૫.૧૨.૨૦23 ના રોજની મુદતે તબીયત શારીરિક સ્વસ્થ ન હોવાથી મુદતે હાજર રહી શકેલ નહી, પરંતુ ત્યારબાદ સદર દાવાની મુદત તા.૨૪.૦૧.૨૦૨૪ નીમવામાં આવેલ તે દિવસે વાદી તરફે કોઈ હાજર નથી કે તે દિવસે નામદાર કોર્ટમાં હાજર નહી રહેવા કોઈજ કારણ જણાવેલ નથી કે કોઈ ખુલાસો પણ અરજીમાં કરેલ નથી તેવા સંજોગોમાં અરજદાર/વાદીએ અરજીમાં વિલંબ માફ માટે જણાવેલ કારણ માની શકાય તેમ નથી. વધુમાં અરજદાર/વાદીની તબીયત સારી રહેતી ન હોય અને મુદતના દિવસે બીમાર હોય કે આઉટ ઓફ સ્ટેશન હોય જેના કારણે સમયસર કોર્ટમાં હાજર રહી શકેલ નહી તે દર્શાવતા કોઈજ પુરાવા આ કામે રજુ નથી. જેથી કારણ વિનાની અરજી કરવાથી અરજી મંજૂર થઈ જાય નહી. આમ વિલંબ માફ કરવા અંગેનું કોઈ પણ રીતે ઉચિત કારણ અરજીમાં જણાઈ આવતું નથી.

(૬) આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો **Majji Sannemma @ Sanyasirao** Versus **Reddy Sridevi, 2022 AIR (SC) 332** ઉપર પ્રસિધ્ધ ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે એવું પ્રસ્થાપિત કરેલ છે કે, Expression "sufficient cause" cannot be liberally interpreted if negligence, inaction or lack of bona fides is attributed to party. in absence of reasonable and satisfactory explanation, huge delay could not have been condoned lightly. આમ, સુપ્રિમ કોર્ટ ધ્વારા ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ લાંબાગાળાના વિલંબ માફ કરવા અંગે સમજાવતુ કોઈજ સંતોષકારક કારણ

જણાવેલ ન હોય ત્યારે અરજદારનુ કૃત્ય ઘોર બેદરકારી ભર્યુ ગણાય અને પર્યાપ્ત કારણને અભાવે થયેલ વિલંબ માફ કરી શકાય તેમ નથી.

(૭) વધુમાં, અરજદાર/વાદીએ પોતાની અરજીમાં વિલંબ માફ કરવા અંગે દાવાના મેરીટ તથા પડતી હાડમારી સંબંધેના કારણો જણાવી વિલંબ માફ કરવા માંગણી કરેલ છે પરંતુ તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **Pathapati Subba Reddy (Died) By L.Rs.And Others** Versus **Special Deputy Collector (La), 2024 (4) SCR 241** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં સ્પષ્ટતા કરતાં જણાવેલ છે કે, વિલંબને માફ કરવામાં કેસના ગુણદોષ ધ્યાનમાં લેવાની જરૂર નથી. તદુઉપરાંત સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યું કે વિલંબની માફી એ અદાલતોને ઉપલબ્ધ વિવેકાધીન સત્તા છે, જે દર્શાવેલ કારણની પર્યાપ્તતા પર આધારિત છે. નામદાર કોર્ટે કહ્યું, '' અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે વિલંબની ક્ષમા એ અદાલતો માટે ઉપલબ્ધ વિવેકાધીન શકિત છે, વિવેકબુધ્ધિનો ઉપયોગ જરૂરી રીતે દર્શાવેલ કારણની પર્યાપ્તતા અને સમજૂતીની સ્વીકાર્યતાની ડિગ્રી, વિલંબની લંબાઈ તત્વહીન હોવા પર આધારિત હોવી જોઈએ. કેટલીકવાર, પર્યાપ્ત કારણ બતાવવામાં આવે અથવા સ્વીકાર્ય સમજૂતી આપવામાં આવતી હોવાને કારણે, <u>ટૂંકી શ્રેણીના વિલંબને માફ કરી શકાતો નથી જયારે, અમુક અન્ય કિસ્સાઓમાં, જો સ્પષ્ટતા સંતોષકારક અને સ્વીકાર્ય હોય તો લાંબા ગાળાનો વિલંબને માફ કરી શકાય છે</u>.'' આમ, વિલંબ માફ કરવા અંગે પર્યાપ્ત કારણ હોવું અનિવાર્ય છે જે આ કામે જણાઈ આવતુ નથી.

(૮) આમ, ઉપરોકત ચુકાદાઓમાં નામદાર સર્વોચ્ચ અદાલતએ પ્રસ્થાપિત કર્યા મુજબ દાવો રિસ્ટ્રોર કરવાની અરજી કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે હાલની આ અરજી આશરે માસ-૧૯ ના

વિલંબથી કરેલ છે. જે વિલંબ માફ કરવા સંબંધે અરજીમાં અંગત કામે બહાર ગામ ગયેલ અને ત્યારબાદ વાદી શારીરિક સ્વસ્થ ન હોય મુદતે હાજર રહી શકેલ ન હોવાથી દાવો ડિસમીસ કર્યાથી નિયત સમયમાં અરજી કરી શકેલ નહી તેવું જણાવેલ છે જે કારણ વિલંબ માફ કરવા સંબંધે કોઈપણ રીતે વાજબી કે ઉચિત કારણ જણાતું નથી. જેથી, અરજદારની આ અરજી મંજૂર કરવાને પાત્ર ન હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

- અરજદાર/વાદીની હાલની આ વિલંબ માફની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૬મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તા.૧૬.૦૩.૨૦૨૬
સ્થળ: ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ,
ખેડા.
[GJ01199]